# Advanced Accounting - III

## S. Y. B.Com.


Sardar Patel University
Vallabh Vidyanagar
NAAC ACCREDITED GRADE 'A' WITH 3.25 CGPA
(23-01-2017 to 22-01-2022)


Scanned by CamScanner

**First Edition** : **November 2020**

**Copies** : **500**

**Price** : **Rs 110/-**

© **Sardar Patel University**
**Vallabh Vidyanagar - 388 120**

**ISBN** : **978-93-81386-78-1**

The book is strictly written according to the new syllabus available at the time of printing.

Every possible efforts have been made to avoid errors and omissions in this publication by the authors and the Publisher. Inspite of this efforts, some typographical errors might have crept in. Any mistake, error or discrepancy noted may be brought to our notice which shall be taken care of in the forthcoming edition. It is hereby notified that neither the Authors nor the Printer or seller will be liable for any damage or loss to anyone, in any manner there from. It is suggested that to avoid any doubt the reader should cross-check all the facts, law and contents of the publication with original Government publication or notifications wherever applicable. The text of this publication, or any part thereof, may not be reproduced or transmitted in any form or by any means, electronic or mechanical, including photocopying, recording, storage in an information retrieval system, or reproduced on any disc, tape, perforated media or other information storage device, etc., otherwise, without the prior written permission of the University. No key to this book can be prepared without the prior written permission of the publiser. Any violation will invite prosecution legal action under the Indian Copyright Act.

This book is sold subject to the condition that it shall not by way of trade or otherwise. However it can be lent, resold, hired out or circulated in the wider interest of student community.

For binding mistakes, misprints or for missing pages, etc., the printer liability is limited to replacement within one month of purchase by similar edition. All expenses in this connection are to be borne by the purchaser.

All disputes are subject to jurisdiction of Anand only.

**Published by** : Registrar, Sardar Patel University,
Vallabh Vidyanagar - 388 120

**Available at** : Store Section - Room No. 108,
Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120

**Printed by** : University Press, Sardar Patel University,
Vallabh Vidyanagar-388 120



Scanned by CamScanner

# Advanced Accounting-III

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકરણ ૧ | **ધંધાની ખરીદી અંગેના હિસાબો**<br>- ડૉ. સમીર એમ. વ્હોરા, અધ્યાપક સહાયક, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | 01 |
| પ્રકરણ ૨ | **કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાંનો નફો**<br>- ડૉ. સમીર એમ. વ્હોરા, અધ્યાપક સહાયક, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | 37 |
| પ્રકરણ 3 | **મૂડી ઘટાડો**<br>- ડૉ. વાય. એમ. દલવાડી, પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | 76 |
| પ્રકરણ ૪ | **લિક્વિડેટરના હિસાબો**<br>- ડૉ. વાય. એમ. દલવાડી, પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | 108 |
| પ્રકરણ ૫ | **કરારના હિસાબો**<br>- ડૉ. એસ. કે. રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | 142 |
| પ્રકરણ ૬ | **સેવા પડતર પધ્ધતિ**<br>- ડૉ. એસ. કે. રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | 167 |
| પ્રકરણ ૭ | **પ્રક્રિયાના હિસાબો**<br>- ડૉ. એસ. કે. રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, બી.જે.વી.એમ. કોમર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | 180 |
| પ્રકરણ ૮ | **સમાન પડતર અને સીમાંત પડતર**<br>- ડૉ. કામિની શાહ, એસોસિયેટ પ્રોફેસર, અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | 201 |



સંપાદક : **પ્રો. સંદિપ કે. ભટ્ટ**
હેડ એન્ડ ડીન
અનુસ્નાતક બિઝનેશ સ્ટડીઝ વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

સમીક્ષકઃ **ડૉ. એચ. સી. સરદાર**
પ્રોફેસર
એસ.ડી. સ્કુલ ઑફ કોમર્સ
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા, અમદાવાદ




Scanned by CamScanner

## પ્રકરણ: ૧

# ધંધાની ખરીદી અંગેના હિસાબો


૧.૧ પ્રાસ્તાવિક

૧.૨ ખરીદકિંમત

૧.૩ પાઘડી

૧.૪ મૂડી અનામત

૧.૫ ખરીદનાર કંપનીના ચોપડે નોંધ

૧.૬ ધંધાની ખરીદી અંગેના દાખલાની ગણતરી

૧.૭ ધંધો વેચનાર વતી દેવાદારો તથા લેણદારો લેવા

૧.૮ જ્યારે જુના ધંધાના ચોપડા ચાલુ રાખવામાં આવે ત્યારે

૧.૯ ઉદાહરણો

૧.૧૦ સ્વાધ્યાય




Scanned by CamScanner

## ૧.૧ પ્રાસ્તાવિક

જ્યારે પણ કોઈ એક કંપની કોઈપણ ચાલુ ધંધો ખરીદી લે અથવા નવી કંપની નવો ધંધો શરૂ કરવાને બદલે કોઈ અન્ય ચાલુ ધંધો કે કોઈ ભાગીદારી પેઢીનો ધંધો ખરીદી લે છે ત્યારે જે મોટો પ્રશ્ન ઉભો થાય છે તે ખરીદકિંમત નક્કી કરવાનો છે.

નીચેના સંજોગોમાં ધંધાની ખરીદીના હિસાબોનો પ્રશ્ન ઉપસ્થિત થાય છેઃ

૧. નવી સ્થપાતી કંપની પોતાનો નવો ધંધો શરૂ કરવાને બદલે કોઈ ચાલુ પેઢીનો ધંધો ખરીદી લે.

૨. ભાગીદારો તેમની પેઢીનું કંપનીમાં રૂપાંતર કરે.

૩. ખાનગી કંપનીનું જાહેર કંપનીમાં રૂપાંતર થાય.

૪. હરિફાઈ ટાળવા એક કંપનીનો ધંધો બીજી કંપની ખરીદી લે.

## ૧.૨ ખરીદકિંમત

ધંધાની ખરીદી સમયે જે મોટો અને મહત્વનો પ્રશ્ન આવે તે ધંધાની ખરીદકિંમત નક્કી કરવાનો છે. ધંધાની ખરીદકિંમત નક્કી કરવા માટે બંને પક્ષકારો મિલકતની કિંમત અંગે સમજુતી કરે છે અને આ કિંમત નક્કી કરવામાં આવે છે.

સામાન્ય રીતે ધંધાની ખરીદકિંમત ની ગણતરી નીચે દર્શાવેલ બે પદ્ધતિઓ મુજબ કરવામાં આવે છેઃ

(૧) અવેજ પદ્ધતિ

(૨) ચોખ્ખી મિલકત પદ્ધતિ

### (૧) અવેજ પદ્ધતિ

અવેજ પદ્ધતિ પ્રમાણે ગણતરી કરતી વખતે નીચેની બાબતોને ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

(૧) ધંધાની ખરીદકિંમત પેટે કેટલી રકમ આપવાનું નક્કી કર્યું છે તે દાખલામાં આપવામાં આવે છે. આમ દાખલામાં કુલ રકમ આપવામાં આવે છે અથવા શેર, ડિબેન્ચર તેમજ રોકડ આપવામાં આવશે તેનો સરવાળો કરવાથી ખરીદકિંમત આવશે.

(નોધ : જો દાખલામાં શેર, ડિબેન્ચર વગેરેની કિંમત આપી હોય અને બાકીની રોકડ આપી એમ જણાવ્યું હોય તો આ પદ્ધતિ ઉપયોગમાં નહિ આવે). આવા સંજોગોમાં 'ચોખ્ખી મિલ્કત પદ્ધતિ' થી ખરીદકિંમત શોધવી.

(૨) અવેજ પદ્ધતિથી ખરીદકિંમત શોધતા ખરીદનાર કંપની ગમે તે હેતુ માટે ગમે તે અવેજ આપે તે બધાનો સમાવેશ ખરીદકિંમતમાં થાય.

(3) ખરીદનાર કંપની ખરીદકિંમત પેટે જે શેર આપે છે તે તેની ભરપાઈ થયેલી કિંમતે ગણાય છે. (જયારે દાખલામાં શેરની બજારકિંમત આપી હોય ત્યારે બજારકિંમતે જ અવેજ કિંમત ગણવી.

(૪) અવેજ પદ્ધતિના દાખલામાં પાઘડી કે મૂડી અનામત શોધવું પડશે. (ખરીદકિંમત અને ચોખ્ખી મિલકતના તફાવત પરથી પાઘડી કે મૂડી અનામત શોધવામાં આવશે).



### (૨) ચોખ્ખી મિલકત પદ્ધતિ

ઘણી વખત દાખલામાં ખરીદકિંમતના બદલે , કઈ કિંમતે મિલકતો તેમજ દેવા લેવામાં આવ્યા છે તે જાણવામાં આવે છે તથા પાઘડીની કિંમત પણ જાણવામાં આવે છે.

આ સંજોગોમાં ખરીદકિંમત નીચે મુજબ શોધવામાં આવે છેઃ

ખરીદકિંમત = (નક્કી કરેલ કિંમતે લિધેલ મિલકતો (+) પાઘડી ) (-) લિધેલ દેવા

દાખલામાં બાકીને રકમ રોકડામાં કે શેરમાં આપવી એવું જાણાવ્યું હોય ત્યારે ચોખ્ખી મિલ્કત પદ્ધતિથી ખરીદકિંમત ગણવી. ચોખ્ખી મિલ્કત પદ્ધતિ દ્વારા ખરીદકિંમત નક્કી કરવાની રીતઃ

૧. ખરીદકિંમત = લિધેલ મિલકતો - લિધેલ દેવા.

૨. તેજ મેલ્કાતો અને દેવા ધ્યાનમાં લેવા, જે મિલકતો અને દેવા કંપની સ્વીકારતી હોય.

૩. દાખલા માં પેઢીની મિલકતોની બજારકિંમત આપી હોય તો તે ધ્યાનમાં લેવી.(બજાર કિંમત ન આપી હોય તો ચોપડે કિંમત ધ્યાનમાં લેવી).

૪. અવાસ્તવિક મિલકતો જેવી કે પ્રાથમિક ખર્ચ અને નફા નુકશાન ખાતું (ઉધાર) ને કુલ મિલકતો ની ગણતરી માં ધ્યાનમાં લેવાતા નથી. (પાઘડીની નવી રકમ આપી હોય તો તે રકમ ધ્યાનમાં લેવી).

૫. નફાની બાકીઓ જેવી કે કામદાર અકસ્માત વળતર ફંડ, નફા નુકશાન ખાતું (જમા), સામાન્ય અનામત તે જવાબદારીઓ નથી અને તેને ચોખ્ખી મિલ્કત ની ગણતરી કરતી વખતે કુલ મિલકતો માં થી બાદ કરવી નહિ.

૬. પ્રોવિડન્ટ ફંડ, કારીગર નફાભાગ ફંડ, ગ્રેજ્યુઈટી ફંડ, પેન્શન ફંડ વગેરે કામદારો પ્રત્યેનું દેવું ગણાય અને તેને કુલ મિલકતોમાંથી બાદ કરવું.

૭. ભાગીદારની પત્નીની લોન હોય તો તે બહારનું દવું ગણાય, પણ જો તે રકમ પતિ પાસેથી મેળવેલી રકમમાંથી પત્નીએ પેઢીને લોન આપી હોય તો તે રકમ તેના પત્નીની લોન ગણવી.

૮. ખરીદકિંમત નક્કી કર્યા બાદ, ખરીદકિંમતની ચૂકવણીનું પત્રક નીચેના નમુના મુજબ તેયાર કરવુંઃ

**ખરીદકિંમતની ચૂકવણીનું પત્રક**

| ક્રમાંક | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧. | ઇક્વિટી શેર સંખ્યા (X) ઇસ્યુ કિંમત | XXXXXX |
| ૨. | ડિબેન્ચર | XXXXXXX |
| ૩. | બાકીની રકમ રોકડમાં | XXXXXXX |
| | ખરીદ કિંમત | XXXXXXXXX |

## ૧.3 પાઘડી

ધંધાની ખરીદી વખતે મહત્વનો પ્રશ્ન ધંધાને ખરીદ કિંમત નક્કી કરવાનો છે. દ્રશ્ય મિલકતો (જમીન, યંત્રો, સ્ટોક, મકાન, દેવાદારો) વગેરેની કિંમત નક્કી કરવાનું કાર્ય અઘરું નથી, પણ પાઘડી પેટે આપવાની રકમ નક્કી કરવાનું કાર્ય મુશ્કેલ છે.

(સામાન્ય રીતે પાઘડીની રકમ અધિક નફાની ત્રણ, ચાર કે પાંચ વખત આંકવામાં આવે છે.)



Scanned by CamScanner

અધિક નફો એટલે કે ખરેખર નફો અને તે જ પ્રકારનો ધંધો કરતી અને તેટલી જ મૂડી રોકાણવાળી કંપનીઓના સામાન્ય નફાનો તફાવત.

ઉદાહરણ : જયારે દાખલામાં પાઘડીની કિંમત આપવામાં આવી ન હોય ત્યારે ખરીદકિંમતમાંથી ચોખ્ખી મિલકત બાદ કરવાથી પાઘડીની કિંમત મળી આવે છે.

એક પેઢીની મિલકતો તેમ જ દેવાં નીચે મુજબ છેઃ

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| જમીન અને મકાન | ૧૦૦,૦૦૦ | દેવાદારો | ૪૦,૦૦૦ |
| સાચાં અને યંત્રો | ૮૦,૦૦૦ | સ્ટોક | ૧૦૦,૦૦૦ |
| ફરનીચર | ૨૦,૦૦૦ | લેણદાર | ૩૦,૦૦૦ |

આ પેઢીના ધંધાની ખરીદકિંમત રૂા. ૪,૦૦,૦૦૦ આંકવામાં આવે તો પાઘડી નીચે મુજબ શોધવામાં આવશેઃ

| | | |
|---|---|---|
| **પરચુરણ મિલકતો :** | | |
| જમીન અને મકાન | ૧૦૦,૦૦૦ | |
| સાચાં અને યંત્રો | ૮૦,૦૦૦ | |
| ફરનીચર | ૨૦,૦૦૦ | |
| સ્ટોક | ૧૦૦,૦૦૦ | |
| દેવાદારો | ૪૦,૦૦૦ | |
| | | ૩,૪૦,૦૦૦ |
| **(બાદ) પરચુરણ દેવાઃ** | | |
| લેણદાર | | ૩૦,૦૦૦ |
| **ચોખ્ખી મિલકતો** | | ૩,૧૦,૦૦૦ |
| પાઘડી = ધંધાની ખરીદકિંમત ( - ) ચોખ્ખી મિલકતો | | |
| = રૂા. ૪,૦૦,૦૦૦ (-) ૩,૧૦,૦૦૦ | | |
| = રૂા. ૯૦,૦૦૦ | | |

આમ, પાઘડી એટલે ચોખ્ખી મિલકતોની કીમત કરતાં ધંધાની ખરીદકિંમત પેટે વધારે ચૂકવાયેલ રકમ. ખરીદનાર કંપનીના પાકા સરવેયામાં કાયમી મિલકતો'ના શીર્ષક હેઠળ દર્શાવાય છે.

### ૧.૪ મૂડી અનામત

જયારે પણ ચોખ્ખી મિલકત કરતાં ઓછી કિંમતે ધંધો ખરીદવામાં આવે છે ત્યારે ખરીદનાર કંપનીને ધંધો ખરીદવાથી જે નફો થાય છે તેને મૂડી નફો કેહવાય અને તેને 'મૂડી અનામત ખાતે' લઈ જવામાં આવે છે.

મૂડી અનામતનો ઉપયોગ ખરીદનાર કંપની પ્રાથમિક ખર્ચાઓ, ડિબેન્ચર કે શેર પર વટાવ વગેરે અવાસ્તવિક મિલકતો લખી વાળવામાં કરે છે.

દા.ત., જો ઉપર જાણવેલ ધંધો રૂા. ૨,૮૦,૦૦૦ માં ખરીદી લેવામાં આવે તો મૂડી અનામત નીચે મુજબ ગણાશે :



મૂડી અનામત = ચોખ્ખી મિલકતો ( - ) ખરીદ કિંમત

= ૩,૧૦,૦૦૦ ( - ) ૨,૮૦,૦૦૦

= રૂા. ૩૦,૦૦૦

મૂડી અનામતની રકમ પાકા સરવૈયામાં દેવા બાજુએ ,અનામત અને વધારો' ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

### ૧.૫ ખરીદનાર કંપનીના ચોપડે નોંધઃ

| | | |
|---|---|---|
| ૧. | **ધંધાની ચુકવવાની ખરીદકિંમત અંગેઃ (ધંધાની ખરીદીનો કરાર થાય ત્યારે)** | |
| | ધંધાની ખરીદ ખાતે ઉ. | (ખરીદ કિંમત) |
| | તે ધંધો વેચનાર ખાતે | |
| ૨. | **ખરીદેલી મિલકતો અને દેવાં ચોપડે લાવવા અંગેઃ** | |
| | પરચૂરણ મિલકતો ખાતે | (નક્કી કરેલ કિંમતે લિધેલ મિલકતો) |
| | તે પરચુરણ દેવાં ખાતે | (નક્કી કરેલ કિંમતે લિધેલ દેવાં) |
| | તે ધંધાની ખરીદ ખાતે | (ધંધાની ખરીદ કિંમત) |
| | **(૧ અને ૨ નોધોને બદલે) અથવા (એકજ નોંધ નીચે મુજબ થશે)** | |
| | પરચૂરણ મિલકતો ખાતે | (નક્કી કરેલ કિંમતે લિધેલ મિલકતો) |
| | તે પરચુરણ દેવાં ખાતે | (નક્કી કરેલ કિંમતે લિધેલ દેવાં) |
| | તે ધંધો વેચનાર ખાતે | |
| | **સામાન્ય રીતે આ એકજ નોંધ કરવામાં આવે છે. પરંતુ તો દાખલામાં ધંધાનું ખરીદ ખાતું માંગવામાં આવ્યું હોય તો ઉપર મુજબ બે નોંધ કરવી.** | |
| નોંધઃ | (૧) આમનોંધમાં ઉધાર બાજુ રકમ ખૂટતી હોય તો તે 'પાઘડી ખાતે' લખાશે અને જમા બાજુ રકમ ઓછી હશે તો તે 'મૂડી અનામત ખાતે' લખાશે. (આ રકમ ઉપર મુજબ શોધેલ પાઘડી કે મૂડી અનામત જેટલી જ હોય છે). | |
| | (૨) અહી મિલકતો અને દેવાં વેચનાર પેઢીના ચોપડે દર્શાવેલી કિંમતે નોધાશે નહિ, પરંતુ કંપનીએ જે કિંમતે ખરીદવાનું નક્કી કર્યું હોય તે કિંમતે નોધાશે. | |
| ૩. | **ખરીદ કિંમત ચુકવવામાં આવે તે અંગેઃ** | |
| | ધંધો વેચનાર ખાતે | (ખરીદ કિંમત) |
| | તે શેરમૂડી ખાતે | (જો શેર આપવામાં આવ્યા હોય તો) |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | (જો શેર પ્રીમિયમથી આપવામાં આવે) |
| | તે ડિબેન્ચર ખાતે | (જો ડિબેન્ચર આપવામાં આવ્યા હોય તો) |
| | તે ડિબેન્ચર પ્રીમિયમ ખાતે | (જો ડિબેન્ચર પ્રીમિયમથી આપવામાં આવે) |
| | તે રોકડ કે બેંક ખાતે | (જો રોકડ આપવામાં આવી હોય તો ) |
| નોંધઃ | (૧) જયારે કંપની ખરીદ કિંમતે પેટે પોતાના શેર આપે ત્યારે રકમ 'શેર ખાતે' નહિ પરંતુ 'શેર મૂડી ખાતે' જમા કરે છે. (જો શેર પ્રીમિયમે આપવામાં આવ્યા હોય તો પ્રીમિયમની રકમ 'જામીનગીરી પ્રીમિયમ ખાતે' જમા થાય છે). | |
| | (૨) જયારે કંપનીનાશેરનો બજારભાવ તેની વસુલ આવેલી કિંમત કરતાં વધુ હોય, ત્યારે બજારભાવ અને વસુલ આવેલી કિંમતનો તફાવત 'જામીનગીરી પ્રીમિયમ ખાતે' જમા થાય છે. | |



Scanned by CamScanner

**૧.૬ ધંધાની ખરીદી અંગેના દાખલાની ગણતરી માટે નીચે મુજબ બે ભાગમાં જવાબ આપવાનો હોય છે:**

(અ) કંપનીના ચોપડે આમનોંધો

(બ) કંપનીનું પાકું સરવૈયું બનાવવું

**(અ) કંપનીના ચોપડે આમનોંધો : (આમ નોંધ માટેના વ્યવહારો)**

૧. ધંધાની ખરીદીનો કરાર થાય એટલે ખરીદકિંમતની નોંધ.

૨. સ્વીકારાતી મિલકતો અને દેવા લઈ લેવાની નોંધ.

૩. અવેજની ચૂકવણીની નોંધ.

૪. પ્રાથમિક ખર્ચની ચૂકવણીની નોંધ.

૫. જાહેર જનતામાં શેર બહાર પાડવાની નોંધ.

૬. પેઢી વતી વસુલ કરવાના દેવાદારો અને ચુકવવાના લેણદારો અંગેના વ્યવહારોની નોંધ .

**(બ) કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ બને છે:**

કંપનીનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| શેર મૂડી :<br>૧. ખરીદકિંમત પેટે આપેલ શેર<br>૨. જાહેર પ્રજા માટે બહાર પાડેલા શેર | | પાઘડી (૧.૪ મુજબ ગણેલ) | |
| જામીનગીરી પ્રીમિયમ<br>(જો પ્રીમિયમે શેર આપ્યા હોય તો) | | જમીન, મકાન, યંત્રો વગેરે (નવી કિંમતે) | |
| મૂડી અનામત (જો ખરીદ કિંમત ઓછી હોય તો) | | લઈ લીધેલ ચાલુ મિલકતો<br>(દા. ત. સ્ટોક, દેવાદારો વગેરે) | |
| ડિબેન્ચર (જો ખરીદ કિંમત પેટે આપ્યા હોય તો) | | રોકડ અને બેંક સિલક જરૂરી ફેરફારોની અસર આપી છેવટની સિલક શોધવી | |
| પેઢી પાસેથી લીધેલ ચાલુ દેવા<br>(દા.ત. , લેણદારો , દેવી હુંડી, બેંક ઓવરડ્રાફ્ટ વગેરે) | | અવાસ્તવિક મિલકતો<br>(દા.ત., પ્રાથમિક ખર્ચ, ડિબેન્ચર વટાવ - જો ડિબેન્ચર વટાવથી બહાર પાડ્યા હોય તો) | |

**૧.૭ ધંધો વેચનાર વતી દેવાદારો તથા લેણદારો લેવા:**

ઘણી વખત ધંધો ખરીદનાર કંપની ધંધો વેચનાર દેવાદારો તથા લેણદારો લેતી નથી, પરંતુ ધંધો વેચનાર વતી એજન્ટ તરીકે લેંણાની રકમ ઉઘરાવવા તથા લેણદારો ચુકવવાનું કબુલ કરે છે. અહી દેવાદારોની રકમ ઉઘરાવતી વખતે તથા લેણદારોને રકમ ચુકવતી વખતે જે નફો કે નુકસાન થાય તે ધંધો વેચનારને ભોગવવાનો રહે છે. ધંધો ખરીદનારને આ કામ ના બદલે કમિશન આપવામાં આવે છે.

નીચે મુજબ આમનોંધો ખરીદનાર ના ચોપડામાં લખવામાં આવે છે.



| તારીખ | વિગત | ખા. પા. | | |
|---|---|---|---|---|
| ૧. | ધંધો ખરીદતી વખતે પેઢી વતી દેવાદારો વસુલ કરવાનુ અને લેણદારોને ચૂકવવાનું સ્વીકાર્યું. | | | |
| | ધંધો વેચનારના દેવાદારો ખાતે | | (ચોપડે દર્શાવેલ કિંમત) | |
| | તે ધંધો વેચનારના લેણદારો ખાતે | | | (ચોપડે દર્શાવેલ કિંમત) |
| | તે ધંધો વેચનારના ઉપલક ખાતે | | | (ચોપડે દર્શાવેલ તફાવતથી) |
| નોંધઃ | ધંધાની મિલકત તેમજ દેવાની ખરીદીની આમનોંધ કરતી વખતે દેવાદારો તથા લેણદારોનો સમાવેશ કરવામાં નહી આવે. | | | |
| ૨. | જયારે દેવાદારો પાસેથી રકમ મળે ત્યારેઃ | | | |
| | બેંક ખાતે | | | |
| | તે ધંધો વેચનારના દેવાદારો ખાતે | | | |
| ૩. | દેવાદારો પાસેથી રકમ મેળવતી વખતે થયેલ નુકસાન ધંધો વેચનારના ઉપલક ખાતે લઈ જવામાં આવશે. | | | |
| | ધંધો વેચનારના ઉપલક ખાતે | | | |
| | તે ધંધો વેચનારના દેવાદારો ખાતે | | | |
| ૪. | જયારે લેણદારોને ચુકવવામાં આવે ત્યારેઃ | | | |
| | ધંધો વેચનારના લેણદારો ખાતે | | | |
| | તે બેંક ખાતે | | | |
| ૫. | લેણદારોને રકમ ચુકવતી વખતે થયેલ નુકો ધંધો વેચનારના ઉપલક ખાતે જમા કરવામાં આવશે. | | | |
| | ધંધો વેચનારના લેણદારો ખાતે | | | |
| | તે ધંધો વેચનારના ઉપલક ખાતે | | | |
| ૬. | જો કંપનીને તેના કાર્ય બદલ કમિશન લેવાનું હોય તોઃ | | | |
| | ધંધો વેચનારના ઉપલક ખાતે | | | |
| | તે કમિશન ખાતે | | | |
| ૭. | દેવાદારો પાસેથી મળેલ રકમ લેણદારોને ચુકવ્યા બાદ તથા કમિશન બાદ (જો હોય તો)ચુકવવામાં આવે ત્યારેઃ | | | |
| | ધંધો વેચનારના ઉપલક ખાતે | | | |
| | તે રોકડ ખાતે અથવા | | | |
| | તે ડિબેન્ચરરોકડ ખાતે અથવા | | | |
| | તે શેરમૂડી ખાતે | | | |
| | પેઢીને ચુકવવાની રકમ = દેવાદારો પાસેથી મળેલ રકમ (-) (લેણદારોને ચુકવેલ રકમ (+) કમિશન) | | | |

નોંધઃ જો કંપનીને દેવાદારો પાસેથી રકમ મળવાની બાકી હશે કે લેણદારોને રકમ ચુકવવાની બાકી હશે તો ઉપલક ખાતું ખુલ્લું રેહશે, પરંતુ દેવાદારો પાસેથી રકમ મળી જાય અને લેણદારોને પણ રકમ ચૂકવાઈ જાય તથા કંપની હિસાબની પતાવટ કરી વેચનારને રકમ ચુકવી દેશે તો વેચનારનું ઉપલક ખાતું બંધ થઈ જશે.



Scanned by CamScanner

**૧.૮ જ્યારે જુના ધંધાના ચોપડા ચાલુ રાખવામાં આવે ત્યારેઃ**

કેટલીક વાર ધંધો ખરીદનાર કંપની ધંધો વેચનાર પેઢીના હિસાબના ચોપડા ચાલુ રાખે છે. આ સંજોગોમાં નીચે મુજબ પગલાં લેવાં પડે છે.

(અ) ખરીદનાર કંપનીએ લઈ લીધેલ મિલકત અને દેવાનું પુનઃ મૂલ્યાંકન કરવાનું હોય તો નફો નુકસાન હવાલા ખાતું ખોલવું અને તેનો નફો કે ખોટ ભાગીદારી મૂડી ખાતે કે શેરહોલ્ડરો ખાતે લઈ જવા.

(બ) જો અમુક મિલકતોકે દેવા ખરીદના કંપની લઈ લેતી ન હોય તો તે ભાગીદારોના મુડી ખાતે તેમની મૂડીના પ્રમાણમાં લઈ જવી. પરંતુ જો કોઈ સરવૈયામાં દર્શાવેલ મિલકત (દા. ત. પાઘડી) કિંમત વગરની થાય તો તે ભાગીદારોનાંમૂડી ખાતે તેમના નફો નુકસાનના પ્રમાણમાં ઉધરાવી (કારણ કે તે ખોટ છે).

(ક) જે ખરીદકિંમત ચુકવવામાં આવે તે ભાગીદારોનાં મૂડી ખાતે ઉધરાવી અને શેરમૂડી ખાતે (શેર આપ્યા હોય તો), ડિબેન્ચર ખાતે (ડિબેન્ચર આપ્યા હોય તો) અને બેંક ખાતે (રોકડ આપી હોય તો) જમા કરવી.

(ઉપરના સંજોગોમાં વેચનારના ચોપડા બંધ કરવાની અને ખરીદી અંગેની ખાસ નોંધો કરવાની રહેતી નથી).

**૧.૯ ઉદાહરણો**

ઉ. ૧ મેસર્સ 'અ' અને 'બ' દ્વારા નીચે આપેલ પાકું સરવૈયું પ્રસ્તુત કરવામાં આવ્યું છે, જેના આધારે તેમનો વ્યવસાય એબી લિમિટેડ દ્વારા ખરીદી લેવામાં આવશે.

મેસર્સ અ અને બ

પાકું સરવૈયું

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મૂડી ખાતાઃ<br>'અ' ૧૬૦૦૦૦<br>'બ' ૧૨૦૦૦૦ | ૨૮૦૦૦૦ | પાઘડી | ૨૦૦૦૦ |
| 'અ' લોન | ૭૦૦૦૦ | પ્લાન્ટ અને યંત્રો | ૧૦૦૦૦૦ |
| લેણદારો | ૫૦૦૦૦ | જમીન અને મકાન | ૮૦૦૦૦ |
| | | સ્ટોક | ૬૦૦૦૦ |
| | | દેવાદારો | ૮૦૦૦૦ |
| | | રોકડ અને બેંક | ૬૦૦૦૦ |
| | ૪૦૦૦૦૦ | | ૪૦૦૦૦૦ |

કંપની રૂા. ૪૫૦૦૦૦ ચુકવી ને આ ધંધો ખરીદી લે છે પરંતુ કંપની 'અ' ની લોન ની જવાબદારી લેતી નથી. ઉપર ની વિગતો પર થી પાઘડી અથવા મૂડી અનામત ની ગણતરી કરો. જો કંપની રૂા. ૩૦૦૦૦૦ ચુકવીને આ ધંધો ખરીદી લે તો તમારો જવાબ શું હશે ?



જવાબ : ૧

૧. ચોખ્ખી મિલકતો

| લિધેલ મિલકતો | રૂા. | લિધેલ દેવા | રૂા. |
|---|---|---|---|
| પ્લાન્ટ અને યંત્રો | ૧૦૦૦૦૦ | લેણદારો | ૫૦૦૦૦ |
| જમીન અને મકાન | ૮૦૦૦૦ | | |
| સ્ટોક | ૬૦૦૦૦ | | |
| દેવાદારો | ૮૦૦૦૦ | | |
| રોકડ અને બેંક | ૬૦૦૦૦ | | |
| કુલ મિલકતો | ૩૮૦૦૦૦ | કુલ દેવાઓ | ૫૦૦૦૦ |
| ચોખ્ખી મિલકતો | કુલ મિલકતો (-)કુલ દેવાઓ<br>રૂા. ૩૮૦૦૦૦ (-) રૂા. ૫૦૦૦૦ | | ૩૩૦૦૦૦ |

૨. પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો

= રૂા. ૪૫૦૦૦૦ (-) રૂા. ૩૩૦૦૦૦

= રૂા. ૧૨૦૦૦૦ (જૂની પાઘડી ધ્યાનમાં લેવાની નથી).

૩. જો કંપની રૂા. ૩૦૦૦૦૦ ચુકવી ને આ ધંધો ખરીદી લે તોઃ

મૂડી અનામત = ચોખ્ખી મિલકતો ( - ) ખરીદ કિંમત

= રૂા. ૩૩૦૦૦૦ ( - ) રૂા. ૩૦૦૦૦૦

= રૂા. ૩૦,૦૦૦

ઉ. ૨ 'અ', 'બ' અને 'ક' એકજ પ્રકારનો ધંધો કરે છે અને તેમને એક ખાનગી કંપનીની સ્થાપના કરી ધંધાની મિલકતો અને જવાબદારીઓ ૧લી જાન્યુઆરી થી લઈ લેવાનું નક્કી કર્યુ છે. કંપનીની શેરમૂડી રૂા. ૩૦૦૦૦૦ એ ૩૦૦૦૦ ઇકવિટી શેર રૂા. ૧૦નો એક ની બનેલી છે, જે ત્રણે ભાગીદારોને તેમના હકના પ્રમાણમાં વેહેચવામાં આવશે.

આગલા દિવસે તેમના મિલકત અને જવાબદારીઓ ની સ્થિતિ નીચે મુજબ છેઃ

'અ' - સ્ટોક રૂા. ૫૦૦૦૦, દેવાદારો રૂા. ૧૦૬૦૦૦, રોકડ અને બેંક રૂા. ૩૦૦૦૦, લેણદારો રૂા. ૮૪૦૦૦, દેવી હુંડી રૂા. ૩૨૦૦૦ અને અનામત ભંડોળ રૂા. ૨૮૦૦૦.

'બ' - સ્ટોક રૂા. ૨૨૦૦૦, દેવાદારો રૂા. ૨૪૦૦૦, લેવી હુંડી રૂા. ૯૦૦૦, રોકડ અને બેંક રૂા. ૧૨૦૦૦, લેણદારો રૂા. ૧૯૦૦૦, અને દેવી હુંડી રૂા. ૧૩૦૦૦.

'ક' - સ્ટોક રૂા. ૪૫૪૦૦, દેવાદારો રૂા. ૫૩૦૦૦, લેવી હુંડી રૂા. ૪૯૦૦૦, બેંક ઓવરડ્રાફ્ટ રૂા. ૮૪૦૦, લેણદારો રૂા. ૨૩૦૦૦, અને દેવી હુંડી રૂા. ૧૧૦૦૦ .

ઉપરની વિગતો પર થી ધંધાની ખરીદકિંમત ની ગણતરી અને ફાળવણી કરો.



Scanned by CamScanner

જવાબ : ૨

**ધંધાની ખરીદકિંમત ની ગણતરી અને ફાળવણીઃ**

| વિગત | 'અ' (રૂા.) | 'બ' (રૂા.) | 'ક' (રૂા.) |
|---|---|---|---|
| **લિધેલ મિલકતોઃ** | | | |
| સ્ટોક | ૫૦૦૦૦ | ૨૨૦૦૦ | ૪૫૫૪૦૦ |
| દેવાદારો | ૧૦૬૦૦૦ | ૨૪૦૦૦ | ૫૩૦૦૦ |
| લેવી હુંડી | -------- | ૯૦૦૦ | ૪૯૦૦૦ |
| રોકડ અને બેંક | ૩૦૦૦૦ | ૧૨૦૦૦ | ---------- |
| **કુલ મિલકતો** | **૧૮૬૦૦૦** | **૬૭૦૦૦** | **૧૪૭૪૦૦** |
| | | | |
| **લિધેલ દેવાઃ** | | | |
| લેણદારો | ૮૪૦૦૦ | ૧૯૦૦૦ | ૨૩૦૦૦ |
| દેવી હુંડી | ૩૨૦૦૦ | ૧૩૦૦૦ | ૧૧૦૦૦ |
| બેંક ઓવરડ્રાફ્ટ | --------- | ---------- | ૮૪૦૦ |
| **કુલ દેવાઓ** | **૧૧૬૦૦૦** | **૩૨૦૦૦** | **૪૨૪૦૦** |
| **ચોખ્ખી મિલકતો** | **૭૦૦૦૦** | **૩૫૦૦૦** | **૧૦૫૦૦૦** |
| | | | |
| ખરીદકિંમતની ફાળવણી (૨:૧:૩)<br>**(ચોખ્ખી મિલકતો ના પ્રમાણમાં)** | **૧૦૦૦૦૦** | **૫૦૦૦૦** | **૧૫૦૦૦૦** |

ઉ. ૩ મેસર્સ કિરણ બ્રધર્સના નામથી ધંધો કરતી એક ભાગીદારી પેઢીનું તા. ૩૧.૩.૨૦૦૧૯ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છેઃ

**પાકું સરવૈયું**

| દેવા | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| **મૂડી ખાતાઃ**<br>મુકેશ ૧૦૦૦૦૦<br>અનિલ ૬૦૦૦૦ | ૧૬૦૦૦૦ | પેટન્ટ | ૬૦૦૦ |
| સામાન્ય અનામત | ૮૦૦૦ | પાઘડી | ૧૪૦૦૦ |
| લેંણદારો | ૨૦૦૦૦ | યંત્રો | ૧૧૨૦૦૦ |
| બેંક લોન | ૨૪૦૦૦ | મોટરકાર | ૩૦૦૦૦ |
| દેવીહુંડી | ૧૬૦૦૦ | સ્ટોક | ૨૦૦૦૦ |
| | | રોકડ અને બેંક | ૨૦૦૦૦ |
| | | અગાઉથી ચુકવેલ ખર્ચ | ૧૦૦૦૦ |
| | | જાહેરાત ઉપલક ખાતું | ૧૬૦૦૦ |
| | **૨૨૮૦૦૦** | | **૨૨૮૦૦૦** |



તા. ૧.૪.૨૦૧૯ના રોજ પેઢીનો ધંધો બાલાજી લિ. એ નીચેની શરતોએ ખરીદી લે છેઃ

૧. ખરીદકિંમત રૂા. ૧૬૦૦૦૦ નક્કી કરવામાં આવી.

૨. ખરીદકિંમત પેટે કંપની પેઢીને રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ ઇકવિટી શેર રૂા. ૧૫ના ભાવે આપે છે અને બાકીની રકમ રોકડમાં ચુકવે છે.

૩. કંપની પેઢીની મોટરકાર તથા દેવી હુંડી સ્વીકારાતી નથી.

૪. યંત્રોની કિંમત રૂા. ૧૦૦૦૦૦ આંકવામાં આવે છે. જયારે પેટન્ટસની કિંમત શુન્ય ગણવામાં આવે છે.

૫. કંપનીઓ બાકીના ૧૦૦૦૦ ઇકવિટી શેર જાહેર પ્રજા માટે રૂા. ૫ ના પ્રીમિયમથી બહાર પાડ્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો તથા તા. ૧.૪.૨૦૧૯ ના રોજનું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : ૩

૧. દાખલામાં ખરીદકિંમત આપી દીધી છે.

૨. ખરીદકિંમત પેટે ચૂકવણીની ગણતરી નીચે મુજબ છેઃ

| વિગત | રૂા. |
|---|---|
| રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ શેર | ૧૦૦૦૦૦ |
| રૂા. ૧૦નો એક એવા ૧૦૦૦૦ શેર પર પ્રીમિયમ શેરદીઠ રૂા. ૫ લેખે | ૫૦૦૦૦ |
| બાકીની રોકડ ( ? ) | ૧૦૦૦૦ |
| ખરીદકિંમત | ૧૬૦૦૦૦ |

૩. પાઘડીની નવી કિંમત ની ગણતરીઃ (મિલકત અને દેવામાં ફેરફારના લીધે)

પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો

૪. ચોખ્ખી મિલકતો

| લિધેલ મિલકતો | રૂા. | લિધેલ દેવા | રૂા. |
|---|---|---|---|
| યંત્રો | ૧૦૦૦૦૦ | લેંણદારો | ૨૦૦૦૦ |
| સ્ટોક | ૨૦૦૦૦ | બેંક લોન | ૨૪૦૦૦ |
| અગાઉથી ચુકવેલ ખર્ચ | ૧૦૦૦૦ | | |
| રોકડા | ૨૦૦૦૦ | | |
| **કુલ મિલકતો** | **૧૫૦૦૦૦** | **કુલ દેવાઓ** | **૪૪૦૦૦** |
| **ચોખ્ખી મિલકતો** | કુલ મિલકતો (-)કુલ દેવાઓ<br>૧૫૦૦૦૦(-) ૪૪૦૦૦ | | **૧૦૬૦૦૦** |

૫. પાઘડી = ખરીદકિંમત (-) ચોખ્ખી મિલકતો

= રૂા. ૧૬૦૦૦૦ (-) રૂા. ૧૦૬૦૦૦

= રૂા. ૫૪૦૦૦ (જૂની પાઘડી ધ્યાનમાં લેવાની નથી).



Scanned by CamScanner

કંપનીએ દેવાદારો પાસેથી રૂા. ૫૦૦૦ ને ઘાલખાધ અને ૧૦% વટાવ આપ્યા પછી રૂા. ૬૭૫૦૦ રોકડ વસુલ કરી, જ્યારે ૮૦% લેણદારોને ૧૦% વટાવે રકમ ચૂકવી આપી. કંપનીએ એક દેવાદાર પાસેથી રૂા. ૫૦૦૦ રોકડમાં વસુલ કર્યાં, જેનું ખાતું અગાઉ ઘાલખાધ તરીકે માંડી વાળેલ હતું. પેઢીની નીકળતી રકમ કંપનીએ ચૂકવી આપી. કંપનીના ચોપડે જરૂરી આમનોંધો આપો.

(જવાબઃ આમનોંધો (ઉપલક ખાતા નો દાખલો જે વેચનારના દેવાદારો પાસેથી રૂા. ૬૭૫૦૦ વસુલ કર્યા અને તેમને રૂા. ૭૫૦૦ વટાવ આપ્યો તથા રૂા. ૫૦૦૦ ઘાલખાધ પડી, રૂા. ૫૦૦૦૦ ના લેણદારો પૈકી રૂા. ૪૦૦૦૦ના લેણદારોને ૧૦% વટાવે ચૂકવી આપ્યા, વેચનારના દેવાદારો પાસેથી રૂા. ૬૭૫૦૦ (+) રૂા. ૫૦૦૦ = રૂા. ૭૨૫૦૦ ઉઘરાવેલા તેના પર ૨% લેખે રૂા. ૧૪૫૦ અને લેણદારો પાસે મળેલ રૂા. ૪૦૦૦ના વટાવ પૈકી ૫૦% લેખે રૂા. ૨૦૦૦ કમિશનનાં લેણા થયા, હવે ધંધો વેચનારના ઉપલક ખાતે રૂા. ૧૦૦૦૦ જમા બાકી રહેશે, દેવાદારોની રૂા.૨૦૦૦૦ ની ઉધારબાકી રહેશે અને લેણદારોની રૂા. ૧૦૦૦૦ ની જમા બાકી રહેશે).



Scanned by CamScanner

## *Glimpses of University*

- University with CGPA (3.25) and Grade 'A' by National Assessment and Accreditation Council, Bangalore. (Third time 23-01-2017 to 22-01-2022)
- Only University in Gujarat to have its own state-of-the -art Community Science Centre.
- SPU has acquired a global presence. It is trying to connect and reconnect with its Alumni to grow further.
- The only University in Gujarat to be awarded the DAE-NBHM National Scheme of Regional Library in Higher Mathematics by the Department of Atomic Energy, Govt. of India.
- Community Radio Station on its Campus.
- Central Library with diversified Department libraries.
- Hostel and Canteen facilities, University Health Centre.
- University Museum Established 1949.
- Yugpurush Vivekanand Sport Complex : Multipurpose Indoor Sports Complex
- Olympic size Swimming Pool.
- Awareness programme on Virtual SPU.
- UGC- Human Resource Development Centre (HRDC) (Academic Staff College).
- Ipcowala Auditorium & Banquet.
- Centre with Potential for Excellence in Particular Area.
- DBT Centre of Excellence and Innovation in Bio-Technology.
- Centre for Interdisciplinary Studies in Science and Technology.

**Sardar Patel University**
**Vallabh Vidyanagar - 388 120, Gujarat, India**
Phone: +91 2692 226812, Fax: 237258, 236475
E-mail: registrar_spu@spuvvn.edu,
Website: www.spuvvn.edu

978-93-81386-78-1
24
University Press

Scanned by CamScanner